સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

'કરાર'ના હિસાબને લઇ ફાયદા ટાળવા પડે!
નિયમમાં રહી 'પગાર'ના વાયદા પાડવા પડે!
ખાલી ખોટા હોબાળાથી વટાવાયના દેશનું નામ -
ગમે તેવા હોય ડિપ્લોમેટ કાયદા પાડવા પડે!
(બેવડા કરાર ન કરાય)

હાઈકુ

ખીલી ઉઠશે
એમની હાજરીથી -
રણે ગુલાબ..
(રણોત્સવ)

કચ બનીને
આવી દુશ્મન આયા -
દેવયાનીની..
(કર્યા પગ પ્હોળા..)

ચિંતન

પરિવર્તિન સંસારે મૃતઃ કો વા ન જાય તે ।
સ જાતો યેન જાતેન યાતિ વંશ સમુન્નતિમ્ ॥

'પરિવર્તનશીલ આ સંસારમાં જન્મ-મરણ-ગમન-પુનરાગમનનું ચક્ર તો ચાલતું જ રહે છે. જે જાય તે ફરી જન્મ લે છે, પરંતુ જેના જન્મથી કુળ વંશની ઉન્નતિ-નામના થાય એનો જ જન્મ સફળ થયો ગણાય.'

જન્મથી મૃત્યુ સુધીનું જીવન, ઇશ્વરે તો સહેતુક આપ્યું જ છે પણ આપણે એની સામે આંખ મિંચામણા કરીએ છીએ કે તદ્દન ભૂલી જઇ આડ રસ્તે ફંટાઇ જઇએ છીએ. જે માર્ગે જવું જોઇએ તે ન પકડતાં મનગમતા-બહારથી સરળ અને આકર્ષક રસ્તે જવા ખેંચાઇ જઇએ છીએ. આપણને સાચા માર્ગની કાં ખબર નથી કે કાં આંખ આંડા કાન કરીએ છીએ.

આપણો જાગૃત અંતરઆત્મા ઘણીવાર ફૂરસદની ચિંતન પળે તમારા મનને પૂછે પણ છે કે તું આ શું કરે છે? ક્યાં જાય છે? પણ રાવણ અને દુર્યોધન જેવા જ્ઞાની-પંડિતો એમના આત્માને છેતરી કહે છે તેમ સાચું શું ને ખોટું શું અમને ખબર છે પણ અમે એ માર્ગે જઇ શકતા નથી.

આપણે પણ મૂલ્યો અને પાપકર્મોના ભેદની ખબર જ છે - પણ લાચાર છીએ. જેના જન્મથી વંશ-કુળ જન્મહેતુ ઉન્નત થાય એ જ જન્મ સફળ બાકી તો ચોર્યાસી લાખ ચક્કર નક્કી જ છે.

સુવિચાર

- કોઇની ભૂલ પર નારાજ થતા પહેલા આપણી દશ ભૂલો ગણી જોજો **- સરદાર પટેલ**
- મનનું માન્યું તો મર્યા, મનને માર્યું તો જીત્યા **- કબીર**
- જે માણસ તેની દરેક ભૂલમાંથી કંઇક કંઇક શીખે જ છે પણ શીખવાની મહેચ્છા હોય તો **- એસ.ભટ્ટાચાર્ય**
- સુંદર મન વિનાનો સુંદર ચહેરો એ કાચની આંખ જેવી વસ્તુ છે, એ ચમકશે પણ જોઇ શકશે નહીં **- લોંગ ફેલો**
- માણસ હંમેશા પોતાની ભૂલોનો એવી રીતે બચાવ કરે છે જાણે તે એના હકોનો બચાવ કરી રહ્યો હોય **- સુધા મૂર્તિ**
- કામ સ્ફુર્તિથી કરીએ તો ઓછું લાગે અને કંટાળાથી કરીએ તો અસહ્ય લાગે, શરીરની તાકાત તો છે જ પણ મનનીય તાકાત જોઇએ **- જન કલ્યાણ**
- જો નિર્બળ શરીર રોગોને આમંત્રણ આપી બેસે છે તો નિર્બળ મન દોષોને આમંત્રણ આપી બેસે છે **- ડોંગરેજી મહારાજ**

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આજકાલ તો ઇમાનદારી રહી છે ક્યાં? કોઇ બસમાં કંઇ ભૂલી ગયું હોય, રસ્તામાંથી પાકીટ ઘરેણાં, દસ્તાવેજ, બેગ મળે અને કોઇ પરત આપવા જાય ત્યારે સમાચારોમાં 'બોક્સ આઇટમ'બની જાય છે. કારણ કે 'ઇમાનદારી' પણ હવે અલભ્ય બની ગઇ છે.

પ્યાલા-બરણીવાળી બાઇઓ જે જૂના કપડાં લઇ વાસણ આપે એવી એક બાઇ એક સોસાયટીમાં ગઇ.

એ સોસાયટીમાં એક કજીયારી, ઉદ્ધત અને કંજૂસ બાઇએ ખૂબ જ રકઝક પછી કપડાં આપી એ બાઇ પાસેથી વાસણ લીધું.

એ વાસણવળી બાઇએ બે-ચાર દિવસ પછી કપડાં વ્યવસ્થિત કરવા લાગી ત્યારે એક કોટના ખિસ્સામાંથી રૂપિયા પાંચસોની નોટ નીકળી. બાઇને યાદ હતું. આ નોટ પેલી કજીયારી બાઇનાં ઘેરથી આવેલ કપડાંની છે. નોટ સાચવી રાખી અને ચાર પાંચ દિવસ ફરી એ સોસાયટીમાં એ નોટ આપવા પાછી ગઇ. ઘરને તાળું હતું. આસપાસ તપાસ કરી-જાણવા મળ્યું કે અહીં તો એ ભાડેથી રહેતા હતા હવે પોતાના ઘરમાં રહેવા ગયાં. પણ પડોશીઓ એ જયારે કારણ જાણ્યું ત્યારે બધાએ લગભગ એક મતે કહ્યું- એ બાઇ ઝગડાડુ હતી. કોઇથી સોસાયટીમાં બનતું નો'તું એવી સ્ત્રીને પૈસા પાછા ન અપાય. તું જ રાખી લે!

વાસણવાળી બાઇ કહે - એ ગમે તેવી હોય મને સરનામું આપો. એનો સ્વભાવ એને મુબારક એનાં કરમ એ ઉંચકશે મારાં કરમનો ભાર હું - મારી નિયત મારી લાજ છે.. મારા સંતોષ છે.'

Email - sureshchandrabhatt18@gmail.com

બાળકને ભય અને સજાથી મુક્ત રાખી પ્રફુલ્લિત વાતાવરણમાં પ્રસન્નચિત્ત રાખવાથી વધુ સારી રીતે વિકાસ પામે છે

ગ્રહણશકિત ખીલવવાના ઉપાયો

- હર્ષદ પ્ર. શાહ

જગતનું કોઇ પણ પ્રકારનું જ્ઞાન મેળવવાની ગુરૂચાવી 'ગ્રહણશક્તિ' છે. ગ્રહણશક્તિ ખીલશે તો કોઇ પણ વિષય જાણવો, સમજવો અઘરો નહીં લાગે. કોઇ પણ વિષય પ્રત્યે અભિમુખ થવાની પ્રક્રિયા તીવ્ર અને અને સુંદર બને તે માટે ગ્રહણશક્તિ જ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. એનું કામ TV ના એન્ટેના જેવું છે. એન્ટેના યોગ્ય રીતે યોગ્ય દિશામાં ગોઠવાયેલું હશે તો જ TV માં દશ્ય સારૂં દેખાશે. એમ વ્યક્તિનાં અસ્તિત્વનો આધાર સમગ્રપણે એની ગ્રહણશક્તિ પર રહેલો છે.

તેથી આપણા બધા માટે અત્યંત મહત્ત્વનો વિષય એ છે કે ગ્રહણશક્તિ ખીલવવી કેવી રીતે? એની ચર્ચા અત્રે પ્રસ્તુત છે.

(૧) અસરકારક સંપ્રેષણ : **(Effective Communication)**

શબ્દો દ્વારા અર્થ અને ભાષા દ્વારા ભાવનું આદાન-પ્રદાન થાય છે. ભાષા દ્વારા મનુષ્ય મનુષ્યને સમજે છે. સંપ્રેષણની આવી પ્રક્રિયા દ્વારા જ વ્યક્તિ કંઇક ને કંઇક ગ્રહણ કરે છે. સંપ્રેષણ દ્વારા વ્યક્તિ પોતાની લાગણી, વ્યથા કે ભાવનાનું પ્રગટીકરણ કરે છે, જ્ઞાનના હસ્તાંતરણની પ્રક્રિયા માટે પણ સંપ્રેષણ અનિવાર્ય - માધ્યમ છે. અસરકારક શબ્દો મનુષ્યના ચિત્તમાં ચિરસ્થાયી સંસ્કાર કરવા શક્તિમાન છે.

(૨) સંપ્રેષણ અસરકારક કેવી રીતે બને?

પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે. પશુ-પંખીની ભાષા માનવી ન સમજી શકે એ સ્વાભાવિક છે. પણ માનવી માનવીની ભાષા પણ સમજી શકતો નથી. જગતમાં ૧૯૨ દેશોમાં ૯૦૦૦ જેટલી ભાષાઓ બોલાય છે. જો પ્રાદેશિક ભાષાઓનું મહત્ત્વ ન હોત તો સંપૂર્ણ જગતમાં એક જ ભાષા બોલાતી હોત. પરંતુ અલગ અલગ ભૂ-પ્રદેશમાં પાંગરેલી ભાષાઓનું આગવું અસ્તિત્વ છે. એમાં એ ભૂમિનાં સંસ્કાર સમાયેલાં હોય છે. જીવન-મૂલ્યો, રહેણી-કરણી અને રીત-રિવાજોનું પ્રતિબિંબ ભાષામાં પડ્યું હોય છે. તેથી જગત પર વસતા દરેક માનવીની પોતાની - પરિવારની એક ભાષા હોય છે, શીખવી પડતી નથી. નિશાળમાં ન જતું ૨-૩ વર્ષનું બાળક પણ એ ભાષામાં સરસ રીતે બોલતું હોય છે કારણ કે એ ભાષા એ એની માતા પાસેથી શીખ્યું હોય છે. એ એની માતૃભાષા કહેવાય છે. એનું કોઇ વ્યાકરણ એ ન શીખ્યું હોય તો યે એ ભાષા એનું શ્રેષ્ઠ કરણ હોય છે... અભિવ્યક્તિનું ઉત્તમ સાધન હોય છે. એ પોતાની માતૃભાષામાં જ રડે છે, હસે છે અને લાગણીઓ વ્યક્ત કરે છે. એની ભાષા બોલનારા બધા એને પોતીકા લાગે છે એ માટેજ માતૃભાષામાં બાળકની કોઇ પણ મોટા માણસની અભિવ્યક્તિ અસરકારક હોય છે.

(૩) ગ્રહણશક્તિનો મૂળ સ્ત્રોત - માતૃભાષા

ગ્રહણશક્તિનું આરંભબિંદુ છે માતૃભાષા. માતૃભાષા જ ગ્રહણશક્તિનો પાયો રચે છે. મજબૂત પાયો હોય તો મજબૂત ઈમારત ચણાય. કોઈ પણ વિચાર માતૃભાષામાં જેટલો સમજાય અને સ્પષ્ટ થાય તેટલો અન્ય ભાષામાં ન થાય. આ કથન નાની ઉંમરમાં બાળકને વધુ લાગુ પડે છે. એની ગ્રહણશક્તિ ખીલે અને ક્રમશઃ અન્ય ભાષાઓનાં સંપર્કમાં આવે પછી એ બધી ભાષાઓ પણ એના જ્ઞાનાત્મક વિકાસના સ્ત્રોત બને છે પરંતુ નાની ઉંમરની જ બીજી ભાષાઓ સાથે જો બાળક જોડવાનો આગ્રહ રખાય તો એની ગ્રહણશક્તિ ખીલવાને બદલે કુંઠિત થાય છે... અવરોધાય છે. આનું કારણ સ્પષ્ટ છે - નવી ભાષા શીખવામાં જ બાળકની બધી શક્તિ ખર્ચાઇ જાય છે... અને જે ખરેખર શીખવાનું છે, ગ્રહણ કરવાનું છે તે બાજુએ રહી જાય છે. વિશ્વનાં અનેક શિક્ષણશાસ્ત્રીઓ અને મનોવિજ્ઞાનીઓ એક વાત ભારપૂર્વક માને છે કે નાની ઉંમરના બાળકને માતૃભાષાથી પહેલાં પરભાષા ગોખવી પડે છે. એના શબ્દો - એની વાક્યરચના બાળક માટે પરિચિત હોતાં નથી. ઘરમાં કે સમાજમાં... ચારે બાજુ એ ભાષા વ્યવહારમાં તો બોલાતી હોતી નથી. તેથી શ્રવણ અને કથનનો પર્યાપ્ત અવકાશ રહેતો નથી. શ્રવણ, કથન, વાચન અને લેખન એ ચાર ચેનલો (LSRW - Listening, Speaking, Reading & Writing) મળીને વિકાસનો રાજમાર્ગ બનાવે છે. વિકાસના પ્રાથમિક બે તબક્કા - શ્રવણ અને કથન જ જો નબળા રહે તો ગ્રહણશક્તિ કેળવવામાં બહુ મોટો અવરોધ સર્જાય છે. માટે જો કોઇ પરિવારમાં બધા જ સદસ્યો અંગ્રેજી ભાષા બોલતા હોય તો બાળકની ગ્રહમશક્તિ કેળવવામાં વિક્ષેપ નહીં પડે... કારણ કે સ્વાભાવિક રીતે જ એ સંજોગોમાં અંગ્રેજી એની માતૃભાષાનું સ્થાન લઈ રહી છે. આ જ સિદ્ધાંત બધી ભાષા માટે એટલો જ સત્ય સાબિત થઈ શકે.

જે ભાષામાં મનુષ્ય વિચારતો હોય અને સ્વપ્ન જોતો હોય તે ભાષામાં જ એની સમજણ કેળવાય. સ્વાભાવિક રીતે જ મનુષ્યનો વિચાર-પ્રવાહ એની માતૃભાષામાં જ ચાલતો હોય છે. નિરંતર અભ્યાસ અને વાતાવરણને કારણે માણસ બીજી ભાષામાં પણ પોતાના વિચારપ્રવાહને ઢાળી શકે. પણ એ બહુ અઘરૂં છે. મહદ્ અંશે તો માણસના મગજમાં ભાષાંતરણ TRANSFORMATION ની જ પ્રક્રિયા થતી રહે છે. કોઇ પણ વિચાર ઝબકે તો માતૃભાષામાં જ... પછી બીજી ભાષામાં એનું રૂપાંતરણ થતું હોય. ભાષા રૂપાંતરણની આ પ્રક્રિયા થોડો વધુ સમય લઈ લે છે અને માટે ગ્રહણ શક્તિના વિકાસમાં અને એની તીવ્રતામાં પણ એટલો જ ઘટાડો જ થતો દેખાય. માટે મનુષ્યના વિકાસના આરંભે તો માતૃભાષાનો પ્રભાવ જ કલ્યાણકારી છે. માતૃભાષાનો પ્રભાવ બધા પ્રકારના અભાવને દૂર કરવા સમર્થ છે. માટે જે માતા-પિતા પોતાના બાળકને શ્રેષ્ઠ અંગ્રેજી આવડે એવું ઈચ્છતા હોય તેમણે બાળકને શરૂઆતમાં ૧૦ વર્ષ માતૃભાષા સાથે જ જોડવો જોઈએ. એમ કરવાથી જ ગ્રહણશક્તિનું PLATFORM મજબૂત બનશે.

(૪) ગ્રહણશક્તિના વિકાસ માટે આવશ્યક છે - સંવાદ

પોતાનું બાળક ખીલે અને ખુલે એવું ઈચ્છતા માતા-પિતાએ પોતાના બાળક સાથે સંવાદ સ્થાપિત કરવો જોઈએ. નિરંતર સંવાદ થવાની બાળક કોઈ જાતની ગ્રંથિ (લઘુતાગ્રંથિ કે ગુરૂતાગ્રંથિ) માં સપડાતું નથી. એના પ્રશ્નોનું સમાધાન થાય છે અને પરિણામે એનો આત્મવિશ્વાસ વધે છે. એની જિજ્ઞાસા પણ જાગે છે અને જિજ્ઞાસાના ફલસ્વરૂપ ઉદ્ભવતા નવા પ્રશ્નો પૂછતાં પણ એ અચકાતું નથી. આમ થવાથી વિકાસની નવી ક્ષિતિજો ખુલે છે. બાળક સાથે સંવાદ થતો રહે તો સંવાદિતા (HARMONY) નિર્માણ થશે... વાદ-વિવાદ - પ્રતિવાદના સ્થાને વિધેયક અને સકારાત્મક સંવાદ પ્રસ્થાપિત થશે. આ પ્રક્રિયાનાં પરિણામો આશ્ચર્યજનક હોઈ શકે.

ઘણી વખત એવું બને છે કે બાળકના મનમાં ઉદ્ભવતા પ્રશ્નોના યોગ્ય અને સચોટ ઉત્તરો મોટાઓ પાસે હોતા નથી. મોટાઓની આવી નબળાઇ કયારેક ક્રોધના સ્વરૂપે પ્રગટ થઈ જાય છે. જેમની પાસેથી સમાધાનકારક ઉત્તરની અપેક્ષા બાળકને હોય છે તેવા ઉત્તરને બદલે કોપ મળે ત્યારે તે ગભરાઈ જાય છે, ભયભીત થઈ જાય છે, અવાક્ બની જાય છે... અને પછી તેવી વ્યક્તિને બાળક કયારેક પ્રશ્ન પૂછવાની હિંમત કરતો નથી. વિકાસમાર્ગમાં કમાડ વસાઈ જાય છે. મનુષ્યના વિકાસને અવરોધવાની જબરી શક્તિ 'ભય' નામનાં તત્ત્વમાં છે. માટે આવું કયારેય ન કરશો. કદાચ કોઈ પ્રશ્નનો ઉત્તર તમારી પાસે ન હોય તો દંભી કે ક્રોધ કરવાને બદલે બાળકને કહેશો, ''બેટા! તારા આ પ્રશ્નનો ઉત્તર હું તને પછી આપીશ. મારે પણ આ વિશે કંઈક સમજવું પડશે.'' તમારી આવી નિખાલસતા બાળકને સ્પર્શી જશે. તમારા અજ્ઞાનને સરળતાથી ઢાંકવાનું કામ તમારી નિખાલસતા કરશે. તમે બાળકનો આદર અને પ્રેમ - બંનેના અધિકારી બનશો.

(૫) બાળકને આપો શુદ્ધ-સાત્ત્વિક સ્નેહ

વિકાસનાં પાંચ કારક બળ છે - પ્રેમ, આનંદ, સૌંદર્ય, સ્વતંત્રતા અને સહજતા. આ પાંચ ચેનલ થકી વિકાસનો રાજમાર્ગ પ્રશસ્ત થાય છે. બાળક સ્નેહ ઝંખે છે. એને ભૌતિક સુવિધાઓ ઓછી મળશે તો ચાલશે. પરિવારજનોનો વિશુદ્ધ પ્રેમ એનું જીવન-પાથેય બની જશે. કોઈ પણ અપેક્ષા વિનાનો -નિરપેક્ષ પ્રેમ બાળકને સુખ, સંતોષ, શાંતિ અને આનંદ આપે છે. પરિણામે એની મૌલિકતા પ્રગટે છે. એની અંતર્નિહિત મૌલિક શક્તિઓનું પ્રગટીકરણ થતું દેખાય તો માતા-પિતાએ સમજવું કે એની વિકાસની દિશા પકડાઈ છે. બાળક અને પ્રકારની વિશેષતાઓ અને લાક્ષણિકતાઓનો ભંડાર છે. એ ભંડારને ખોલવાની ચાવી 'પ્રેમ' છે.

(૬) ભયમુક્ત વાતાવરણથી ગ્રહણશીલતા વધશે

જેમ ધરતીમાંથી અંકુરિત છોડ કોઈ બંધનોની આડશમાં વિકસી શકતો નથી પરંતુ ખુલ્લા વાતાવરણમાં જ વિકસે છે. તેમ નાનું બાળક ભયના ઓથાર નીચે ગ્રહણશીલ બની શકતું નથી. એનું વ્યક્તિત્વ દબાઈ જાય છે. આત્મવિશ્વાસયુક્ત મૌલિક અભિવ્યક્તિ કરવાને બદલે કોણ શું કહેશે એની ચિંતા જ કર્યા કરે છે. તેથી બાળકને ભય અને સજાથી મુક્ત રાખી પ્રફુલ્લિત વાતાવરણમાં પ્રસન્નચિત્ત રાખવાથી વધુ સારી રીતે વિકાસ પામે છે.

(૭) સ્વ-અધ્યયન **(Self learning)** ***ની પ્રક્રિયા જ ઉપકારક છે***

આજ-કાલ શિક્ષણની સંરચના જ કંઈક એવી વિચિત્ર છે કે શિક્ષણ ત્રણ 'પ' પાઠ્યપુસ્તક, પીરિડય અને પરીક્ષામાં કેદ છે. પાઠ્યક્રમ અને પરીક્ષા એટલા બોજદાયક છે કે Self learning Process જ ખતમ થઈ ગઈ છે. માહિતીનો ઢગલો મગજમાં ઠાલવવો, ટ્યૂશનો દ્વારા પાઠ્યક્રમનું દઢીકરણ કરવું અને ગોખવું... અને વધુમાં વધુ ટકા કેમ લાવવા એની બળતરામાં વિદ્યાર્થી પોતાનું અસ્તિત્વ સાવ ખોઈ બેઠો... શિખવવાની પ્રક્રિયા ખૂબ પ્રબળ પણ શીખવવાની પ્રક્રિયા સાવ મંદ. જાતે શીખવાની પદ્ધતિ જો વિદ્યાર્થી ભૂલી જશે તો વ્યક્તિગત અને સામાજિક મોટું નુકશાન થશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૭મું અધિવેશન તા. ૨૪-૧૨-૨૦૧૩થી તા. ૨૬-૧૨-૨૦૧૩ દરમિયાન એન.એસ. પટેલ આર્ટસ કૉલેજના યજમાન પદે આણંદ મુકામે યોજાશે

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

સમાચાર સેતુ

● ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે, સાહિત્યિક પરિસંવાદો, કવિ સંમેલનો, પુસ્તક મેળા, સાહિત્યીક પ્રવાસો, વિદ્યાર્થીઓ વચ્ચેની સાહિત્યીક સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો યોજીને સાહિત્યકારો અને ભાવકો વચ્ચે સેતુરૂપ બની ગુજરાતી સાહિત્યના પ્રચાર અને પ્રસારની કડીરૂપ કામગીરી બજાવવામાં આવે છે. તે અન્વયે તા. ૧૫-૧૨-૨૦૧૩ને રવિવારના રોજ સાંજના ૪.૦૦ વાગે, બ્રહ્મભવન, સેક્ટર-૧૬ ખાતે લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલના ૬૩માં નિર્વાણ દિનનો નવતર કાર્યક્રમ, ગુજરાત રાજયના પૂર્વમુખ્ય સચિવ પ્રવીણ ક. લહેરી (IAS, Retd) ના અધ્યક્ષપદે યોજાઇ ગયો. જેમાં સૌ પ્રથમ સહમંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ' દ્વારા, શબદની સંગિની મા શારદાના સ્તુતી કરી, કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ દોલત ભટ્ટ દ્વારા પુષ્પગુચ્છથી પ્રવીણ કે. લહેરીનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. અધ્યક્ષ પી.કે. લહેરીએ લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલને પુષ્પાંજલી અર્પી અને સર્વેએ સરદારશ્રીના ૬૩માં નિર્વાણ દિને ભાવાંજલિ અર્પી. ત્યારબાદ પ્રમુખ દોલત ભટ્ટે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું. દોલત ભટ્ટ સંપાદિત પુસ્તક "કર્મવીરના કૂર્તિગાન" નું વિમોચન પ્રવીણ. ક. લહેરીના હસ્તે કરવામાં આવ્યું અને હાજર સર્વેએ આ અમૂલ્ય પુસ્તકની ભેટ આપવામાં આવી. આ પુસ્તકમાં સંપાદિત થયેલ સરદાર વિશેના, તે સમયનાં કાવ્યો બાબતે તથા તેઓશ્રીના જીવન અને કવન બાબતે અધ્યક્ષ પી.કે. લહેરી દ્વારા સર્વેને જ્ઞાત કરવામાં આવ્યા. કડી સર્વ વિદ્યાલય, ગાંધીનગરમાં, ધો.૧૧માં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી બાળાઓ વચ્ચે, ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે યોજાયેલ "ગુજરાતીમાં ભાષાનીર" અંગેની સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય ક્રમે આવનાર બાળાઓ (૧) પ્રેક્ષા તથા (૨) અવનિ અધ્યક્ષના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા. આભારવિધિ ઉપપ્રમુખ ભરતભાઇ કવિએ કરી.

● ગુજરાતી સાહિત્ય પરિષદનું ૪૭મું અધિવેશન તા. ૨૪-૧૨-૨૦૧૩થી તા. ૨૬-૧૨-૨૦૧૩ દરમિયાન એન.એસ. પટેલ આર્ટસ કોલેજના યજમાન પદે આણંદ મુકામે યોજાશે. અધિવેશનના પ્રમુખ તરીકે કવિ - વિવેચક, ચરિત્રકાર અને પૌર્વાત્ય-પાશ્ચાત્ય સાહિત્યના અભ્યાસી ધીરૂ પરીખ રહેશે. આ અધિવેશનનું જીવંત પ્રસારણ (લાઇવ વેબકાસ્ટ) ઇન્ટરનેટ દ્વારા લીન્ડ - www.nspatelartscollege.org ઉપરથી વિનામૂલ્યે જોઇ શકાશે.

● ગુજરાતી સાહિત્ય પરિષદના ક.સા. સ્વાધ્યાય મંદિર હસ્તક બી.કે. મજમુદાર ટ્રસ્ટ પ્રકાશન શ્રેણી અંતર્ગત સર્જકોના પ્રથમ સર્જનાત્મક પુસ્તકનું પ્રકાશન કરવામાં આવે છે. આથી જ નવોદિત લેખકો/લેખિકાઓનું એક પણ પુસ્તક પ્રગટ ન થયું હોય તેઓ ૧૨૦ થી ૧૫૦ પૃષ્ઠ મર્યાદામાં, હસ્તપ્રતની ટાઇપ કોપી તા. ૩૦-૩-૨૦૧૪ સુધીમાં 'પ્રકાશ મંત્રીશ્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ, નદી કિનારે, અમદાવાદ-૩૮૦૦૦૯ ના સરનામે મોકલી શકે છે.

● ગાંધીનગર સાહિત્ય સભાના ભૂતપૂર્વ અને સભ્ય કિશોર જીકાદરાની ત્રણ ગઝલ (૧) તાજ બંધાવી શકો (૨) બાકી છે, અને (૩) મરહમ લખાવી આવ્યો. એ "શબ્દ સૃષ્ટિ" ડિસેમ્બર-૨૦૧૩ના અંકમાં પ્રસિદ્ધ થઇ છે; જે ખરેખર જાણવા અને માણવા જેવી છે, કિશોર ભાઇને ખુબ ખુબ દધિ છલકતા હેતાળવા અભિનંદનસહ શુભેચ્છાઓ.

કાવ્ય સેતુ : ઝળહળતું ઊગ્યું પ્રભાત!

લાલ-પીળા-ગુલાબી રંગો વેરી, ઉઘડતું ઊગ્યું પ્રભાત!
નિશાને ધોળીને પી લૈ, ઉષા થૈ, ચળકતું ઊગ્યું પ્રભાત!
પર્ણે પર્ણે, તૃણે તૃણે તુષાર થૈ જળક્યું ઊગ્યું પ્રભાત!
નીલ ગગને કોમળ કિરણે મલકતું ઊગ્યું પ્રભાત!
ઘંટારવ ને ઝાલરઝંકારે રણઝણતું ઊગ્યું પ્રભાત!
કલરવ પંખીઓનો થઇને, ચહકતું ઊગ્યું પ્રભાત!
શેરી શેરી નરસૈયાનાં ગાન ગજવતું ઊગ્યું પ્રભાત!
મોહનની બંસરીના તાલમાં, થનકતું, ઊગ્યું પ્રભાત!
જગતનિયંતાની અખંડ ધૂને, ધબકતું ઊગ્યું પ્રભાત!
નારી શિરે ગાગરે, સાગર થૈ છલકતું ઊગ્યું પ્રભાત!
ડોરે ઘૂઘરા, પગે પાયલે, ખણખણતું ઊગ્યું પ્રભાત!
આળસ ખંખેરીને ઉદ્યમે, સળવળતું

- મૂળજીભાઇ પરમાર (દધિ)

શુભેચ્છા

ઉભરે ઉર્મિઓનો સાગર હૃદયમાં, એ જ શુભેચ્છા,
આઘાતો થાય અભિવ્યક્ત સૂરમાં, એ જ શુભેચ્છા,
હોય મસ્તી તમારા શબ્દ લયમાં, એ જ શુભેચ્છા,
થાય અવનવાં સર્જન સાહિત્યમાં,એ જ શુભેચ્છા.
સર્જે અમર રચના કલમ તમારી, એ જ શુભેચ્છા,
થાય સાહિત્ય જગે નામના તમારી, એ જ શુભેચ્છા,
હોય દિવ્ય પ્રકાશ તમારી આભામાં, એ જ શુભેચ્છા,
બની રહો રત્ન સાહિત્યની સભામાં એ જ શુભેચ્છા,
ધોવાઇ જાય મેલ મનમાં સૌના એ જ શુભેચ્છા
ને રહે મધુરપ અંતરમાં સૌના એ જ શુભેચ્છા
ને ફળતાં રહે સદ્ભાગ્ય સૌના એ જ શુભેચ્છા
મળે સુખ-શાંતિ અને આરોગ્ય સૌને એ જ શુભેચ્છા

સુરેશ પ્રા. ભટ્ટ

હે પ્રિયા એવું પણ બને

મારી આંખોની પાંપણ આંસુઓથી ભીંજાઇ જાય... એવું પણ...
તારા વિરહની વેદનામાં પ્રેમનું ઝરણું સુકાઇ જાય... એવું પણ...
બર્થ-ડે પર તેં આપેલ ભેટ ક્યાંક ખોવાઇ જાય... એવું પણ...
તેં મોકલેલ ઇ-મેઇલ ક્યાંક ડીલીટ થઇ જાય... એવું પણ...
તારી આંખોના તેજ કિરણોથી આંખ અંજાઇ જાય... એવું પણ...
તારા પ્રેમના એસએમએસથી મારૂં દિલ વિંધાઇ જાય... એવું પણ...
દરિયાના મોજાની જેમ ઉછળતી ઉર્મિઓ સમાઇ જાય... એવું પણ...
તારો કલમની જેમ ખીલેલો ચહેરો શરમાઇ જાય... એવું પણ...
ગુલાબ તારા પ્રેમના ઉપવનમાં ક્યાંક ખોવાઇ જાય... એવું પણ...

- ગુલાબચંદ એન. પટેલ

પોતાના ધર્મ, જાતિ, વર્ણ, આશ્રમનું અભિમાન કરવું નહિ, માનવ થઈને માનવમાત્રથી પ્રેમ કરવાનો છે

સંત નિરંકારી મિશન

(એક પરિચય ભાગ-૪)

- લક્ષ્મી વાધવાણી (નિરંકારી)

(ગતાંકથી આગળ...)

પાંચ પ્રણ : બ્રહ્માનુભૂતિ પ્રાપ્ત કરતી વખતે પ્રથમ દરેક જિજ્ઞાસુએ પાંચ પ્રણ - પ્રતિજ્ઞાઓ લેવી પડે છે.

(૧) તન, મન અને ધન પરમાત્માના છે એને પ્રભુના જ જાણવા/માનવાના છે. એમના કારણે ક્યારેય અભિમાન કરવાનું નથી.

(૨) પોતાના ધર્મ, જાતિ, વર્ણ, આશ્રમનું અભિમાન કરવું નહિ, માનવ થઇને માનવમાત્રથી પ્રેમ કરવાનો છે.

(૩) અન્યની સાથે તેમના વિભિન્ન ખાન-પાન, પહેરવેશને લઇને/જોઇને ધૃણા/નફરત કરવી નહિ.

(૪) ગૃહસ્થને ત્યાગીને વેશધારી સાધુ, સંત, ફકીર બનીને સમાજ પર બોજો બનવું નહિ. પોતાની મહેનતની કમણીથી મર્યાદાપૂર્વક ગૃહસ્થ જીવન વિતાવવાનુ છે.

(૫) સદ્ગુરૂ દ્વારા આપવામાં આવેલ જ્ઞાનને તેઓની અનુમતિ વિના કોઇને પણ આપવાનું નહિ, આ પ્રકારે પોતાની જાતને જ્ઞાની સમજવાના અહંકારથી બચવાનું છે.

મિશનના આ સિદ્ધાંતો મર્યાદાપૂર્વક જીવન જીવવા માટેનો સહજ, સરળ અને સફળ માર્ગ છે.

● ચરણ સ્પર્શ :

- નિરંકારી મહાપુરૂષો મળવાના તેમજ વિદાય લેવાના સમયે એક બીજાને ધન-નિરંકાર કહીને એકબીજાના ચરણસ્પર્શ કરે છે. અભિવાદનની આ વિશિષ્ટ પદ્ધતિ છે.

- જીવનમાં ક્યારેય કોઇ સૂક્ષ્મ અહમ્ ભાવ આવી ગયો હોય તો પ્રત્યેક ફક્તની આગળ ઝૂકવાથી અને ચરણસ્પર્શ દ્વારા અભિવાદન કરવાથી તે પણ સમાપ્ત થઇ જાય છે.

- આ નમન કોઇ વ્યક્તિના શરીરને નથી કરવામાં આવતું. પરમપિતા પરમાત્માના અંશ એવા તે આત્માને થાય છે. જે નિજ સ્વરૂપને ઓળખીને તેની ભક્તિમાં તલ્લીન છે.



- નમ્રતા એ અભિમાનરહિત જીવનની ઓળખાણ છે. આ એક નિરાધાર ઇશ્વરને જ ઇષ્ટ માનવાનું પ્રતિક છે.

- નિરંકારીઓ મળેલ ઉપલબ્ધિઓને એક પરમેશ્વર-નિરાકારની જ દેન માને છે. એટલા માટે એક બીજાના ચરણસ્પર્શ કરતી વેળાએ 'ધન-નિરંકાર' નું ઉચ્ચારણ કરે છે. અહિયા 'વ્યક્તિપૂજા' નહિ પરંતુ, નિરંકાર પરમાત્માને જ ધન્યતા અને ધન્યવાદ આપવામાં આવે છે.

● સત્સંગ :

સંત નિરંકારી મિશનમાં સત્યને જાણકાર મહાપુરૂષોની સંગત કરવાને જ સત્સંગ કહે છે.

- નમ્રતા, સત્કાર, પ્રેમ દેવાદેવી ગુણો પર દૃઢ રહેવા માટે સંત નિરંકારી મિશન સત્સંગને અનિવાર્ય માને છે.

- અહિયા વક્તાઓ અને બધા ભક્તો બ્રહ્મજ્ઞાનના ફળસ્વરૂપ થયેલા પોતાના અનુભવો તેમજ નિરાકાર સદ્ગુરૂની અનુકંપાની જ ચર્ચા કરે છે.

● સ્મરણ/સુમિરણ :

બ્રહ્મને જાણ્યા પછી પળ-પળ, શ્વાસે - શ્વાસે પ્રભનું સ્મરણ કરવું, એને જ સંત નિરંકારી મિશન સ્મરણની સંજ્ઞા આપે છે.

બ્રહ્મજ્ઞાનને પોતાના મન-મસ્તિષ્કમાં સ્થાયી રૂપે વસાવવા માટે પ્રત્યેક વ્યક્તિનું ધ્યાન નિરાકાર પ્રભુમાં કેન્દ્રીય કરીને 'એક તું હી નિરંકાર હું તારે શરણે છું, મને ક્ષમા કરો'નું સ્મરણ કરાવી સતત પ્રભુ સ્મરણ કરવાની પ્રેરણા આપવામાં આવે છે.

- સ્મરણ કોઇ સમય, સ્થાન, સાધન કે સંજોગો પર અવલંબિત નથી. આ સ્મરણ ઉઠતા, બેશતાં, સૂતા-જાગતા, ખાતા-પીતા પણ કરી શકાય છે.

● સુધાર :

સંત નિરંકારી મિશનને એ વિશ્વાસ છે કે વ્યક્તિઓથી જ સમાજ બને છે અને જો સમાજનું એકમ એવી પ્રત્યેક વ્યક્તિ પોતાની જાતને સુધારી લે અને એ પ્રકારે પોતાના પરિવારને સુયોજિત કરી લે તો સમાજ આપોઆપ સુધરી જશે ને સુયોજિત થઇ જશે.

સંત નિરંકારી મિશનના વડા બાબા હરદેવસિંહજી મહારાજ દેશ-વિદેશમાં 'એકત્વ' Oneness નો પ્રચાર જોરસોરથી કરી રહ્યા છે. દિવસ-રાત એક કરીને સમગ્ર જગતમાં માનવ એકતાનો સંદેશ ફેલાવી રહ્યા છે. આજે કોઇ એવું રાજ્ય કે કોઇ એવું મોટું શહેર બાકી નથી જયાં સંત નિરંકારી ભવનોમાં સત્સંગ ના થતા હોય આપણા ગાંધીનગરને પણ લાભ પ્રાપ્ત થયેલ છે. જેની માહિતી જી.કે. ચુઘ પાસેથી મો. નં. ૯૯૭૮૪૦૬૫૬૮ અથવા તો શ્રીમતી લક્ષ્મી એમ. વાધવાની પાસેથી મો.નં. ૯૮૯૮૦૧૨૬૯૨ થી પ્રાપ્ત થઇ શકશે. રવિવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ સત્સંગ કાર્યક્રમ હોય છે. તથા જી.ટીવી પર દર બુધવારે અને ગુરૂવારે સવારે ૬.૦૦ થી ૬.૩૦ સુધી નિરંકારી બાબા હરદેવસિંહજી મહારાજનું પ્રવચન હોય છે. તેનો પણ લાભ લેવા ગાંધીનગરની તમામ ધર્મપ્રેમી જનતાને લાભ લેવા ગાંધીનગર સંત નિરંકારી ભવનના પ્રમુખ કે.એસ. ચુઘ (રીયાયર્ડ ડીવાએસપી - વાયરલેસ) તરફથી આહ્વાન છે.

વધુ આવતા અંકે...